જગદંબાના પરમભક્ત વલ્લભભટ્ટજી કૃત.

લઘુ કાવ્ય.

ભાગ ૧ લો.

[illegible]

[illegible] ભટ્ટ [illegible]

[illegible]

[illegible]

પ્રત ૧૦૦૬

કીંમત : ૦—૦



પ્રસ્તાવના.

હરેક ચોપડી કે ગ્રંથ શા હેતુથી અને કેવા ધોરણમાં રચવામાં આવે છે તે સંબંધી કાંઇ પણ લખી વાંચકોને વાકેફ કરવા એજ આજકાલનો સાધારણ નીયમ છે તે મુજબ આ પુસ્તક માટે બે શબ્દો લખવા રજા લઉં છું.

આ ચોપડી પહેલાં સંવત ૧૯૫૯ સને ૧૯૦૩ ની સાલમાં વલ્લભ ભટ્ટ કૃત લઘુ કાવ્ય એવા નામથી બહાર પાડી હતી અને તેમાં દેવી ભકતોને માટે નીત્ય નીયમ, આનંદનો ગરબો તથા શણગારનો ગરબો તથા આરતી તથા સ્તુતી પદો વગેરે હતા તે ચોપડીઓ તમામ ખપી જવાથી અને હાલમાં ઘણા દેવી ભકતોની માગણી થવાથી નં. ૨. ગણી બીજી ૧૦૦૦) નકલ કાઢવામાં આવી છે.

૨ બીજુ કારણ એ છે કે શ્રી બહુચરાજી માતાનું સ્થાન આખા હિન્દુસ્તાનમાં પ્રખ્યાત છે અને ઘણો હીંદુ વર્ગ આ સ્થાનને પુજ્ય માની આસ્થા ધરાવે છે અને તેથી દરવર્ષે લગભગ એક લાખ જેટલાં યાત્રાળુ આવે છે તો પછી આ સ્થાનનું મહાત્મ તેમજ વર્ણન તેમની સેવામાં મુકવા-ની જરૂર છે, કે જેથી મહાત્મ વીષે અનેક પ્રકારની શં-કાઓનું નીવારણુ થતાં બીજા ભાવિકોને સ્વાસ્થાન ઉપર આસ્થા વધે અને આ સ્થાન સબંધી બીજી શંકા થવા પામે નહિ અને ભક્તિનો રસ વધે.

ઉપરના હેતુથી આ બુક બહાર પાડી છે તો સર્વે બંધુઓ તેનો લાભ લઇ મારા હેતુનો ભાવ પુરો પાડશે કે મારો શ્રમ સફળ થયો જાણી આનંદ થશે. હું કંઇ

લેખક કવી નથી. માત્ર લેખક વાણી છે તો જગદંબાના પરમ ભક્ત વલ્લભ ભટ્ટજીની રચેલી છે છતાં મ્હારી કલમ દોષથી કાંઇ રસ્વ દીર્ઘની યા માત્રા ભુલ થઇ હોય તો તેના દોષોની દરગુજર કરી જગદંબાની ભક્તીનો વૃદ્ધી કરવા કૃપા કરશો.

માણેકચોક બહુચરાજી
માતા અમદાવાદ.

દેવીભક્ત વલ્લભકુળ સત્ પુરૂષ.

અર્પણ પત્રિકા.

હે ભગવતી, હે નીર્ગુણા, પ્રાણાધાર, શીવા, બુધી, લક્ષ્મી, કાંન્તીશાંન્તી, શ્રધા, સ્પ્રહા, શ્રુતી, સ્મૃતી, ક્ષમા અને મેધા, લજયા, દયા, જયા, અને વાંજયા એ તમારાં રૂપ છે માટે હે ભક્ત અભક્તનું પાલન કરનાર ભુવનેશ્વરી આ મ્હારો યદકિંચીત સર્વ શ્રમ તવસુરમુની વંદિત ચર્ણું કમળનેજ સમરપુંછું તે સ્વીકારશો એજ વીજ્ઞાપના ર્હારા બાળની.

સેવક.

પ્રસીદ્ધ કર્તા.

શ્રી

શ્રી જગદંબ   જય અંબે   શ્રી જગદંબ.

શ્રી ચુંવાળચોકમાં બીરાજતી શ્રી બહુચરાજી માતાજી (મહામાયા) નું માહાત્મ વર્ણન અને વહીવટ.

મહાત્મ.

આ સ્થાન પૂર્ણ બ્રહ્મમય તેજ વેદમાતા મહાન ગાયત્રીનુ સાક્ષાત ઉજવળ દેવસ્થાન છે. અને મૂળ સ્ફાટીક (પ્રાચીન વખતનો) ના ઉપર સંપૂટ સુવર્ણનો ગાયત્રી યંત્ર છે, તેનીજ દેવીરૂપે પુજા થાયછે. બાકી મહામાયાનુ સ્વરૂપ નિરંજનનીરાકાર છે. આ સ્થાન આદીઅનાદી

તદ્દો મંડાણ પહેલાનુ શ્રી માયાનું છે, અને તેથી તેની પ્રતીક્ષા કે ઉત્પતીનુ વીવેચન થઇ શક્તુ નથી. તથાપી માયારૂપે જે જે કાર્યો ઇતિહાસરૂપે અને શાસ્ત્રાનુસાર મળી આવે તેનેજ મહાત્મરૂપે ગણી તેજ પ્રગટ થઇ શકવા જેવું છે આ સૃષ્ટીમા અનેક દેવીરૂપે સ્થાનો છે. જે માયાના અનેક કાર્યરૂપે ગણાયેલાં નામોથીજ છે. અને મહામાયા ગાયત્રીનુ સ્થાન આ સિવાય આ ભુમંડળમાં નથી, જે વખતે શ્રી પરમાત્મા કૃષ્ણભગવાનનો સોળ કળા અવતાર ધરવા સમય થયો ત્યારે શ્રી ભગવાને કૃષ્ણરૂપે વસુદેવને ઘેર દેવકીજીના ઉદરે અવતાર લીધો તેજ સમયે આ મહામાયારૂપે નંદજીને ઘેર જસોદાજીને ઉદરે માયાએ પુત્રીરૂપે અવતાર ધારણ કર્યો દુષ્ટ કંસ પોતાની ભગનીના તમામ સતાનો નાશ કરતો હોવાથી, તેજ રાત્રીમાં શ્રી ભગવાનને જસોદાજીને ત્યા અને માયાને દેવકીજીને ત્યાં અદલબદલ ગોઠવી દેવામા આવ્યા પછી કંસને દેવકીજીને પ્રસુતની ખબર થતાં

તેનો નાશ કરવા દેવકીજી પાસે (બંદીખાનામા) આવ્યો અને નાશ કરવા બાળક માગતા આ મહામાયાને બાળકીરૂપે ધરાવામાં આવ્યાં ને તેને કંસ પોતે મારવા જતાં માયારૂપ સક્તિ વીજળીરૂપ થઇ ઉડી જતા ગગનરૂપ વાણીથી કસને જાહેર કર્યું કે દુષ્ટ તને મારનાર શ્રી ભગવાનનો સોળ કળા પુર્ણાવતાર થઇ ચુકયો છે, એમ વાણી થઇ વીજળીરૂપ તેજ અક્ષોપ થઇ ગયુ તેજ આ મહામાયા સ્થાન છે અને માયાએ જેજે રૂપે અવતાર ધારણ કરી કાર્યો કર્યાં તે તે રૂપે જે તે સ્થાને તે તે નામે દેવીરૂપે પુજાય છે. સર્વ દેવી કે શક્તીનું મુળ તેજ મહામાયા એ આ સાક્ષાત આ મહામાયા છે, અને કારણરૂપે જયાં ત્યા નામરૂપે પ્રખ્યાતી થઈ પૂજય સ્થાનો થયાં છે. બાકી તે સર્વ દેવીયોનું તત્વ મહામાયાએ બહુ ઠેકાણે પ્રવાસ એટલે પ્રગટ થઇ કાર્યો કર્યા ઉપરથી બહુ નામવડે વિખ્યાત થઇ, એવાં સર્વ દેવીયોના તત્વથી પ્રાકતમાં અપભ્રંશરૂપે બહુચરાજી નામ

પડેલું છે. જેને માટે શ્રીમદ્ ભાગવતમાં કહેલું છે કે—

इतिमभाषातंदेवी, मापाममवती ाव,
बहूनामनिकेतेषु, बहूनामावभुवह ॥

એ આધારે બહુચર નામ પડેલું છે. બીજી રીતે બહુ જે કે ઘણા, ચર નામ ફરવું પ્રવાસ કરવો યા ચરી જવું ભક્ષ કરવું એવી રીતે બહુ રાક્ષસોના ભક્ષ કરવાના લીધે આ માયાનુ નામ બહુચરાજી થયેલું છે. અને મૂળ આ સ્થાન મહામાયા ગાયત્રીનુ મહાન સ્થાન છે દેવીભાગવત કે ભગવતી ભાગવતમાં જે જે દેવીઓનુ વર્ણન કરેલું છે તે મહામાયા પોતે કારણરૂપે થએલાં નામોનુ છે. અને આ મહાનમાયાનુ વર્ણન કરવા તો માત્ર વેદ સિવાય કોઇ સમર્થ નથી ને વેદમાં મયાનુ સવિસ્તર વર્ણન કરેલું છે એટલે તે સિવાય બીજાં દેવી મહાત્મનાં પુસ્તકોમાં આ વર્ણન મળી શકતું નથી, અને હોયજ નહી, તેવી નીરંજનનીરાકાર વેદમાતા ગાયત્રી મહામાયાનું

સ્થાન આધઅનાધ છે. કે જેમાંથી તમામ દેવીયો ઉત્પન્ન કારણરૂપે સમયાનુસાર ગણાએલી છે. તે આ મહાન મહામાયા વેદમાતુને હું વંદન કરૂં છુ. દ્વારકાં મહાત્મમાં લખેલું છે કે દ્વારકાંથી સો કોસ ઉપર આ માયાનું સ્થાન છે. અને બીજી રીતે તો મહાન મહામાયાનુ વર્ણુન કોઇ કરી શકવા સમર્થ નથી. તેવી જગત માતુશ્રીનુ આ તીર્થસ્થાન છે, જેને પુર્ણ બ્રહ્મમય રીતે અધ્યન કરવાથી બ્રહ્મત્વને પ્રાપ્ત થઇ શકાય છે. તેવાં આ શ્રી માતાજીની ભક્તિ લાભ લેવા જગતમાત્રે ચુકવું જોઇતુ નથી.

સ્ત્રીનો પુરૂષ થવાની હકીકત, તથા ફાતડા (હીજડા) અહી હોવાનુ કારણ.

ભીષ્મપીતામહને મારવા અંબા બળી મુઇ, જેનો શીખંડી થયો ને પાંડવ કોરવના યુદ્ધમાં શીખંડીના હસ્તે પીતામહનુ મૃત્યુ

નિર્માણ થએલું હોવાથી, અને શીખંડી વ્યંડળ (નપુશક) હોવાથી તેના હાથનુ બાણુ વાગવાથી પીતામહની અસદ્ગતી થાય માટે આ ધર્મજુદ્ધમા તેટલા કારણ પુરતું પુરૂષત્વપણુ મેળવી આવવા શીખંડીને આજ્ઞા થવાથી, શીખંડી તે મેળવવા આ માયા સ્થાનકે આવ્યો, અને આ સ્થાનના માનસરોવર તીર્થપર યક્ષ ફરતા હોવાથી એક યક્ષે શીખંડીને આવવાનુ કારણ પુછતા તેણે તેને હકીકત કહી, તે ઉપરથી યક્ષે પોતાનુ પુરૂષતત્વ શીખંડીને મળવા, અને શીખંડીનુ વ્યંડળપણું યક્ષને મળવા આ તીથ (સરોવરમાં) એકબીજાને સંકલ્પ અપાયો લેવાયો તે પ્રમાણે શીખંડી યુદ્ધમાં જઇ નીમેલી મુદતે યક્ષનુ પુરૂષત્વપણું પરત આપવા ફરી આ સ્થાને આવતાં, વચમાં તીર્થ (સરોવર) નજીક યક્ષના ગુરૂ મળ્યા, તે ઉપરથી શીખંડીને આવવાનુ કારણ પુછતા પોતે યક્ષ પાસેથી ઉછીતું પુરૂષત્વપણુ કારણરૂપે ગયેલો પરત આપવા આવવાનુ જણાવ્યું. તે ઉપ-

રથી ગુરૂને ગુસ્સો થયો કે પોતાના શીષ્યે પોતાના અપરોક્ષ આ કાર્ય કેમ કર્યું? તેથી શ્રાપ દીધો કે જા તમારા એકબીજાના સંકલ્પો પ્રમાણે તને જે પુરૂષત્વપણુ મળ્યુ છે, તે તને કાયમ રહેવું, અને તારૂ વ્યંડળપણુ યક્ષને મળ્યું છે તે તેનેજ કાયમ રહેવું. એ ઉપરથી શીખંડી પુરૂષ થયો ને યક્ષ વ્યંડળ (સ્ત્રી જેવો નપુંશક) થયો. તે પ્રમાણે શાસ્ત્રાનુસાર આ તીર્થમા સ્ત્રીનો પુરૂષ થએલો છે. અને યક્ષ વ્યંડળ રહ્યો તેનો ફાતડો (હીજડો] બન્યો, કે જેથી હાલ પણ અહી ફાતડા હીજડા હોવાનુ અને તેઓનુ મૂળ સ્થાન આ ગણાય છે. અને હાલના આ યુગમા પણ સ્ત્રીનો પુરૂષ થવાનો દાખલો સોળંકીરાજા માટે બન્યાની વાત વલ્લભ ભટ્ટજીના ગરબાથી સાબીત થાય છે તેનો પહેલાનો ગરબો સ્વીસ્તર બીજી બુક્ફૂત્તર ચુંકો- માં આપેલો છે. તેથી સેહેજ સમજાવા સરખું છે. માટે તેનુ વધુ વિવેચન અહી કરવું નીરર્થક છે.

કમાળીઆ.

આ સ્થાનમાં કમાળીઆ લોકોની વસ્તી છે અને તેના અંગે ગુજરાતમાં કેટલાક ગામોમાં તેની વસ્તી છે અને તે કોમ અહી હકદાર છે અને માતાજીના સેવક એક કોમ રૂપે ગણાય છે તેને કેટલેક ઠેકાંણે કમાળીઆ તેનેજ હીજડા કે હાતડા અથવા પવૈયા માને છે, પણ તેમ નથી હીજડા તો માત્ર વ્યંડળ લોકો સ્ત્રીનો પોશાક પહેરે છે તે છે અને કમાળીઆ તો એક દુનીયાંમાં જેવી જાતોછે તેવીજ એક જાત છે અને તેઓ ઘરબાર છૈયા છોકરા નોકરીચાકરીવાળાછે માત્ર આ કોમ અહી સીવાય બીજે કયાંઇ નથી તેથી તે કોમ સમંધે લોકશંકા માટે હકીકત પ્રગટ કરવાની ખાસ જરૂર છે, આ કામ સંમધે તેઓને પુછ પરછ કરતાં કાંઈ સંતોષકારક હેવાલ બતાવતા નથી તેમ આધારભુત કારણો મળતાં નથી, પણ બીજી રીતે તપાસ કરતાં તે કોમ થયાનુ નીચેનુ કારણ મળે છે તે

વ્યાજબી લાગે છે. કમાલી કરી મહાન ભક્ત થઇ ગયો છે, તેના શીષ્યો હીંદુ અને મુસલમાન બને હતા જ્યારે કમાલીનો આખર વખત આવ્યો ત્યારે બને જણમાં ઝગડો જાગ્યો કે હીદુ કહે અમે અગ્નીદાહ કરીશુ ત્યારે મુસલમાનો કહે અમે કબર કરીશું. આ તકરારનો અંત લાવવા માટે ગુરૂએ બંને પક્ષના સીષ્યોને બોલાવી પાસે બેસાર્યા, ને કહ્યું કે હીંદુએ ચીતા તૈયાર રાખવી અને મુસલમાનોએ કબર તૈયાર રાખવી, મારા પ્રાણ ગયા પછી મારા ઉપર જે કફન હોય તે ઉડીને જે સંસ્થાપર પડે તે પ્રમાણે વ્યવસ્થા કરવી અને તે મુજબ તમામ શીષ્યોએ આગળ ઉપર પોતાને માટે ધર્મ ચલાવવો એ ઉપરથી આખર પછી ગુરૂ ઉપરનુ કફન ઉડી કબરપર પડયું. તેથી તેમની ઉત્તર ક્રીયા મુસલમાંની ધર્મ પ્રમાણે થઇ અને હીંદુઓાને આગળ માટે પણ ગુરૂની આજ્ઞા મુજબ કરવાનું આવ્યું, ત્યારે હીંદુઓાથી તેમને જુદા થયા સીવાય છુટકો નહોતો

ત્યારે તે હીંદુઓ કમાલીના શીષ્ય માટે કમાલીઆ એ નામ ધારણ કરી જુદી કોમ આ ઉત્પન્ન થઇ. ને તેથી હાલ પણ કમાલીઆ લોકોનો તમામ ધર્મ હીંદુ પ્રમાણે પણ મરણ ક્રીયા મુસલમાનો પ્રમાણે થાય છે અને તેમની અહીં વસ્તી હોવાથી અને આ સંસ્થાન બંધાવાથી તે વખતના તેમને અહીં હક્કદાર બનાવવામાં આવ્યા છે.

વીક્રમ રાજાએ આ સ્થાનની કરેલી યાત્રા અને પરદુઃખ ભંજન ખાતર એક બ્રાહ્મણને પોતે અપાવેલું પુરૂષત્વપણું.

રાજા વીક્રમે પણ પરદુખભંજન ખાતર એક બ્રાહ્મણને પુરૂષત્વપણું અપાવવા ખાતર પોતાની ઇષ્ટદેવી હરસીદ્ધીની ઉપાસના કરતાં, હરસીદ્ધી માતાએ આ સ્થાન બતાવી અહી તે કામ થશે એમ આજ્ઞા કરી અને આ સ્થાન આદ્ય અનાદ્યનુ છે એમ પણ કહ્યું. તે ઉપરથી ખુદ પોતે વીક્રમ રાજા આ સ્થાનકે આવી એ બ્રાહ્મણને પુરૂષત્વપણું અપાવી દુઃખ ભાગ્યુ છે, (આ હકીકત સા-

મળભટ કૃત બત્રીસ પુતળીની વારતા જે કે જુની પ્રત ઉપરથી સુધારી ત્રીજી આવૃતી મહાદેવ રામચન્દ્ર જાગુષ્ટે તરફથી બહાર પડી છે તેમાંથી ૧૬ મી વારતા કાષ્ટના ઘોડાની છે તેમાથી તે ચોપડીના પાંન ૩૦૮ થી ૩૧૪ સુધીમાંથી મળે છે.)

અલાઉદ્દીન ખુની.

વળી બીજી એવી પણ દંત કથા ચાલે છે કે અલાઉદીન ખુની હીંદુ ધર્મનું ખંડન કરતો કરતો સીદ્ધપુર આવી રૂદ્રમાળ તોડી બ્રાહ્મણોને વટલાવવા માટે પકડી બાંધવામા આવ્યા, ને ફરમાન કર્યું કે તુમારા સચ્ચા દેવ બતલાઓ નહીતો મુસલમાન બનો. એ ઉપરથી બ્રાહ્મણોએ મહાન અનુષ્ઠાન અને સાધનાઓ કરી ત્યારે ત્રીજે દીવસે મહામાયા પ્રસંન થઇ બ્રાહ્મણોને સ્વપ્ન દઇ જણાવ્યું કે, " સીદ્ધપુરથી પશ્ચિમે વનમા મારૂ સ્થાન છે ત્યા તમે તે રાજાને લાવો કે હું ચમત્કાર બતાવીશ " એ ઉપરથી સવારમા અલાઉદીનને આ

સ્થાને આવવા વીનંતી કરી તે ઉપરથી સ્વારી સાથે આ વનમાં આવી મુકામ કર્યો, (બ્રાહ્મણો સાથે) અહી આ વનમાં આ સ્થાન આગળ કુકડા (મરઘડા) ફરતા હતા, તે દેખી તરત મુસલમાન લસ્કરે તેનો ઉપયોગ અહારમાં કર્યો, સવાર થતાં એક રહેલો કુકડો બોલ્યો બરાબર જેટલા ઇસમોએ જે ભક્ષ કર્યા હતા, તેના પેટમાં તમામ કુકડા સજીવન થઇ બોલતા બોલતા તેઓનાં પેટ ફાડી બહાર નીકલી પડયા. તે ચમત્કાર જોઇ અલાઉદીન ખુનીએ બ્રાહ્મણોને છોડી મુકયા. અને માતાજીને નમન કરીને હીંદુ ધર્મ ખંડન નહી કરવાની પ્રતીજ્ઞા લઇ ચાલ્યો ગયો.

આ સ્થાનનુ સંસ્થાનરૂપ બંધાવું, અને પ્રસીદ્ધી.

આ મહાન માયાનું સ્થાન યુગે કરી અપ્રસીદ્ધ ગુપ્ત અને અજાણપણામા હતું ને હોયજ એ વાત નીરવીવાદ છે. અહી માત્ર

વરખડીયોના વન સીવાય કાંઇ નહોતું, અને માત્ર લુટારા ધાડપાડુઓ ગુન્હા કરી અહી વેંહચણી કરતા ને આ દેવીના સ્થાને ચોથ ભાગ મુકતા. જ્યારે વડોદરામા બાબીનુ રાજ્ય હતું, તેવામા પાટણ બાબીનું રાજ્ય હતું, તેનામા શ્રીમત માનાજીરાવ મહારાજ સાહેબ મુલગીરીના સુબા આ પ્રાતમાં હોવાના કારણે આ વનમાં કાંઇ રાજ્યદ્વારી તપાસના કારણે, અગર લુટારૂઓની શોધના કારણે આ વનમા આવેલા હતા. ને ત્યા આ સ્થાન તથા કુંડ પુર્વને અસલી જોઇ પ્રરાજ થયા, ને ત્યા વીશ્રામ કર્યો, ત્યા પોતાને પાઠાનો રોગ થએલો હોવાથી મટતો નહોતો, તેથી તે વખતે અહી દેવની પાસે રહેનાર પુજારીને પુછતા દેવીની બાધા આપી, અને પાઠાપર કુંડનો ગારો લગાવતા, અહી મુકામ હતો તે દરમ્યાન સારૂ થવાથી તેમની આસ્થા વધી ને બાધા કરી કે જેને વડોદરામા મારૂ રાજ્ય પુર્ણપણે સ્થાપન થશે, તો પ્રથમ આ દેવસ્થાનનો ઉદ્ધાર કરીશું. અને શ્રી

કૃપાથી તે પ્રમાણે વહેલુ મોડુ થવાથી પરમકૃપાળુ શ્રીમંત ગાયક-વાડ સરકારે અહી માતાજીનુ દેરૂ બધાવ્યુ તથા દેવળ ફરતો મોટો કોટ તલાવ વીગેરે બધાવ્યા અને પુજા નૈવેદ તથા બીજા ખરચ માટે નજીકના ત્રણ ગામ બેચર, શખલપુર, ડોડીવાડા, ગામો ધર્માદાય અર્પણ કરી ઉત્તમ પ્રકારે સસ્થાન બાધી પ્રસીદ્ધીમા આણ્યુ. ને વખતો વખત સુધારાવધારા થઇ અત્યારે શ્રીમત પરમકૃપાળુ માહારાજા શ્રી ગાયકવાડ સરકાર એઓશ્રીના ઉદાર આશ્રયમા, આખા હીંદુસ્તાનમા ઉત્તમ પ્રકારનુ સસ્થાન બની. હીંદુ ધર્મની મહાન માહામાયા ગાયત્રીનુ પુરાણુ સ્થાન ઉજવળ કીરતી ભોગવી રહ્યુ છે, (આ હકીકત હાલ લોકમા ચાલતી દંતકથા ઉપરથી લખવામાં આવી છે.)

વર્ણન અને વહીવટ.

આ સસ્થાન શ્રીમંત ગાયકવાડ સરકારના કડી પ્રાંતના ચાણુ-

સમા તાલુકામાં છે. સરકાર તરફથી આ સસ્થાનનો તમામ વહીવટ થાય છે. અને કારભારીના હુદ્દાથી શ્રીજીની વ્યવસ્થાની દેખરેખ રાખવા માટે અમલદાર અહી રહે છે. અહી દવાખાનુ, નિશાળ, પોલીસખાતુ, મુલ્કીખાતુ વીગેરે કામની સસ્થાન પુરતી કોર્ટો છે. અફીણુ, ગાંજો, દારૂની સરકાર તરફથી દુકાનો છે ગામો જે શ્રીજીના છે, તેની ઉપજ સંભાળવાનુ કામ ચાણસ્મે તાલુકામા થાય છે. શ્રીજીના આગળ યાત્રાળુઓનુ બાધા માનતા અને ચડનર આવે તે ઉપજને ગોલખ કહેવાય છે, ને તે ઉપજનો દર વરસે સરકાર તરફથી ઇજારો અપાય છે. તે ઇજારાની જે રકમ ઉપજે તે તમામ સદાવ્રત આપવા ખાતે ઠરેલું છે માટે તે રકમમાથી સદાવ્રતનુ જે ખરચ થાય તે જતાં જે રકમ વધે તે કમાલીઆ લોકોને છ આની અને કાલરી સોલંકી ગીરાસાયાને દસ આની વહેચી આપવામાં આવે છે. અને સદાવ્રતનુ ખરચ વધારે થાય ને રકમ ઇજારામાં

ઓછી ઉપજે તે કારણથી ખોટ જાય તો તે પ્રમાણે અને સહર હદદાગોથી પુરી કરાવી લેવામા આવે છે. શ્રીજીની બાધા માંનતા બદલ નીચે પ્રમાણે લેવા ઠરેલુ છે

બાધા અગર બાબત	લેવાની લગત	વિશેષ હકીકત
માથાની વાળ ઉતરાવ		
વાની લટની બાધા.	૦—૬—૦	
બીજી દરેક પ્રકારની બાધાએ.	૦—૨—૦	
શ્રીજીને આજી ચડાવવા બદલ	૦—૪—૦	
શ્રીજી આગળ ગોળ ખાડ		
અગર ધાતુ જનાહીનથી		
છોકરા જોખવા બાબત	૦—૪—૦	આ લગત કુતરાની છે.

ઉપર પ્રમાણે લેવાય છે. અને બીજી રીતે જેની તેની બાધા મુજબ ખુશી પ્રમાણે ચીજ ભાવ દાગીના ચડાવવાના છે, અને ભેટ વીગેરે મુકવાની છે તે શીવાય વધુ કાંઇ લેવાતુ નથી.

જે લોકો બાધાવાળા (માંથાના વાળ ઉતરાવવાનીજ) પાસે હક તરીકે માગણી કરે છે તે નીચે પ્રમાણે ખુશીથી આપવાનું છે.

માગણી કરનારનું નામ.	લેવાની લગત.
હાતડો (પત્રઇયો)	૦—૦—૯
ચોપદાર	૦—૦—૩
પરબીયો (મરઘડાંને પાણી પાનાર)	૦—૦—૩
નગારચી	૦—૦—૩

ઉપર પ્રમાણે લોકો ભીખ તરીકે પરાપુર્વથી માગણી કરવાનો વહીવટ ધરાવે છે શ્રીજીની પુજા નૈવેદ, બાગ, નોકર, ચાકર, નગારખાનું દવાખાનાનું, અને નીશાળ વીગેરેનુ ખર્ચ શ્રીજીનાં ગામોની ઉપજમાથી કરવામાં આવે છે. ફોજદારી તમામ કામો ચાણસમા માહાલમાં ચાલે છે, અને શ્રીજીનો મોટો મેળો ચૈત્ર માસની પુનમે ભરાય છે, તે વખતે ખાસ મેજીસ્ટ્રેટ અહી કોરટ કરી કામો ચલાવે

છે દરેક યાત્રાળુ પાસેથી વોળાવાવાળા જણ દીઠ ચાર આના કર દાકરડા લોકો લેતા તે શ્રીમંત પરમકૃપાળુ નામદાર માહારાજા ગાયકવાડ સરકાર તરફથી તદન બંધ કરવામાં આવેલ છે.

શ્રીનુ દેવળ ઘણુંજ સરસ મોટું ઉત્તમ કારીગરનુ અને જુની બાંધણીનુ મજબુત વીશાળ અને આરસબંદીનું છે, તેની ડાબી બાજુ મોટી દીપમાળ છે અને તેને ફરતો મોટા કોટ છે, કે જેની બરાબર આ ભાગમા કોઇ ઠેકાણે તેવો કીલ્લો નથી તેને ત્રણ દરવાજા છે મોટા દરવાજો દક્ષીણ બાજુ છે જેના ઉપર હમેશાં ટકોરખાનુ (ચોઘડીયા) વાજે છે, મોટા દરવાજા બહાર વેપારીઓનું મોટુ બજાર છે અને કોટ અંદર પણ બજાર છે ને ત્યાર બાદ આગળ પોષ્ટ ઓફીસ, સ્કુલ, દવાખાનું અને સરકારી મોટી ધર્મશાળાઓ બે છે, તથા સામે રમણીય બાગ છે અને ઉત્તર દરવાજા બહાર મોટું સુદર બાંધેલુ તલાવ છે ને તે ઉપર હાલ રેલ્વે ગાડીનુ

સ્ટેશન થયુ છે. યાત્રાળુના ખાસ સુખાર્થે શ્રીમંત ગાયકવાડ સરકારે પોતાના મોટા ખર્ચે મહેસાણાથી બહુચરાજી સુધી રેલ્વે બંધાવેલી છે, પશ્ચીમ દરવાજે શ્રીજીનો માનસરોવર નામનો જુની બાંધણી-નો કુડ છે અને તેમાં યાત્રાળુઓ સ્નાન કરીને બાદ શ્રીજીનાં દર્શન કરવા જાય છે. માજીના દેવળ સામે પરમભક્ત વલવભટશ્રીના બે મકાન છે અને તેમાં પોતાનું સ્થાપીત શ્રીજીનું સ્થાન છે રેલ્વે થયા પછી યાત્રાળુઓના સુખને માટે અમદાવાદના મહાન શ્રીમત ગૃહસ્થ શેઠ અને શ્રીજીના શેવક મોતીલાલ હીરાભાઇએ મોટી પથ્થરબધી ધર્મશાળા પુર્વમાં સરકારી ધર્મશાળા નજીક બં-ધાવી છે તથા કુડ ઉપર મુબાઇના નાનાલાલ મંછારામે નાની એક ધર્મશાળા બાધેલી છે, અને દવાખાના, સ્કુલ સામે અમદાવાદના સાકરવાલા બાપાલાલ બેચરદાસ તરફથી બહું મોટી ધર્મશાળા બાં-ધવામા આવી છે. ને હજુ એકાદ બે બાંધવાની તજવીજ થાલે

છે. તેથી યાત્રાળુઓને સર્વ વાતે સુખ થયું છે. અજાણ્યા યાત્રાળુ ની સવડ માટે બીજા તીર્થોની માફક અહીં પણ તીર્થ ગોર લોકો બ્રાહ્મણો હોય છે, તે બીજા સ્થળો માફક અહીં પણ સ્ટેશનપર લેવા (યજમાનને) આવે છે. અને તે ગોર કહેવાઇ યજમાનને જોઇતી સવડ કરી આપે છે. મોદી વીગેરે વેપારીઓની જથાબંધ દુકાનો છે. તેથી કોઇ યાત્રાળુંઓને અડચણ પડતી નથી.

ઉપર મુજબ તમામ મહાત્મ, વર્ણન, દંત કથાઓ સરળ વાર્તા રૂપે માત્ર સાધારણ સર્વ માણસો સમજી શકે તે હેતુથી ગધમાં આપવામાં આવી છે. તો ભુલ ચુકની માફી આપવા વાંચકો કૃપા કરશે એવી કર્તાની ઉમેદ છે.

લી. શ્રીજીનો દાસાનુદાસ.

પ્રસિદ્ધ કર્તા.

શ્રી બહુચરાજી સત્ય છે.

શ્રી વલ્લભ ગુરૂભ્યો નમઃ

રાગ પ્રભાત.

તમે જાગોરે બહુચરમા માજી વાંણેલા વાહ્યાં,
મુખ જોવા સુરીનર મુની આવ્યા, દોડયાં ધસ્યાં ધાયાં. તમે.
જ્યોગી ઉઠીને જ્યોગ સંભાળે, ગુણીજન ગાયાં,
ભાંમ્યનીએ ઉઠીને રે, વેહેલાં વહોલોણાં સાહ્યાં. તમે.
જાગી જીુગતજનેતા જીુગતે, ત્રીભોવનરાયા,
નીરખી વદન સુદંન સુહરખ્યાં, નમી પડયા પાયા. તમે.
જેજેકાર હુવો રે જગતમાં, નવનીધ સૌ પાયાં,
કહે હરગોવંદ શક્તને શેવો, સમરે સુખ થાયાં. તમે.

અથ ગરબો આણંદનો લખ્યો છે.

આઇ આજ મુને આણંદ, વાધ્યો અતીઘણો મા.
ગાવા ગરબો છંદ, બહુચર માત તણો મા. ૧
અળવે આળ પંપાળ, અપીક્ષા આણી મા,
છો ઇચ્છા પ્રતીપાળ, દ્યો અમ્રીત વાણી મા. ૨
સ્વર્ગ મૃત્યુ પાતાળ, વાસ સકળ તાહારો મા,
બાળ કરી સંભાળ, કર ઝાલો માહારો મા. ૩
તોતલા મુખ તન, તો તો તોઅ કહે મા,
અરભક માગે અંન, નીજ માતા મંન લહે મા. ૪
નહી સ્વ્ય અવ સવ્ય, કહી કાંઇએ જાણું મા,
કુળી કહાવ્યા કવ્ય, મંન માતા આણું મા. ૫
કુળજુગ પાત્ર કુશીલ, કર્મ અકર્મ ભર્યો મા,
મુરખમાં બે મીલ, રસરટ વાવ્ય થર્યો મા. ૬

મુઢ પ્રૌઢગતી મત્ય, મંન મીથ્યા માપી મા,
તહારી કોણ લહે ઉતપત્ય, વિશ્વ રહ્યાં વ્યાપી મા. ૭
પ્રાક્રમ પ્રબળ પ્રચંડ, પ્રબળ ન પળ પીછું મા,
પુરણ પ્રગટ અખંડ, પક્ષ થકો ઇચ્છુ મા. ૮
અરણુવ ઓછે પાત્ર, અફળ કરીઆંણું મા,
પાંમુ નહીં પળ માત્ર, મંન જાણું નાણું મા. ૯
રસના જયુગમ હજાર, તે રટતે હાર્યો મા.
ઈશ ન અંક્ષ્ય લગાર, બે મંન મથ માર્યો મા. ૧૦
રૂષી મારકુંડ મહીમાય, મુખ મહાતંમ ભાંખ્યું મા,
જઇ મુની રૂષી જે વાય, ઉર અંતર રાખ્યું મા. ૧૧
અણુગણ અણુગતી ગોત્ય, પોલ ખરો ન્યારો મા;
મારી માત ,જાગતી જોત્ય, જળહળતો પારો મા. ૧૨
જસ તણવત ગુણ ગાથ, કહી ઊંડળ ગુંડળ મા;

ભરવા ભુધ્ર બે હાથ, હોગામાં ઉંડળ મા. ૧૩
પાગ નમાવી શીશ, કહુ મેહુ ગાંડુ મા;
માહારી માત ન ધરશો રીસ, છો ખોલુ ખાંડુ મા. ૧૪
આદ્ય નિરંજન એક, અલખ અકલ રાંણી મા;
તુંથી અવશ્ય અનેક, વિસ્તરતાં જાણી મા. ૧૫
શક્ત સરજવા સૃષ્ટ, સેહેજ સુભાવ અલપ મા;
કીંચીત કરૂણા દ્રષ્ટ, કૃત કૃત કોટી કલપ મા. ૧૬
માતંગી મન મુકત, રમવા કીધું મંન મા;
જોવા જુક્ત અજુકત, રચીયા ચૌદ ભોવંન મા. ૧૭
નીર ગગંન ભુ તેજ, હેજ કરી નીરમ્યાં મા;
મારૂત વશ્ય જે જેજ, ભાંડ કરી ભરમ્યાં મા. ૧૮
તતક્ષણ તંનથી દેહ, ત્રણ્ય કરી પેદા મા;
ભવ કૃત્ય કરતા જેહ, સરજપાલક ખેદા મા. ૧૯

પ્રથમ કર્યો ઉચ્ચાર, વેદ ચાર વાયક મા;
ધર્મ સમસ્ત પ્રકાર, ભુ ભણવા લાયક મા. ૨૦
પ્રગટ પંચમા ભુત, અવર સરવ જે કો મા;
શકતી સકળ સજુક્ત, શકતી વિના નહી કો મા. ૨૧
મુળ મહી મંડાણ, મા માહેશ્વરી મા;
જયુગ સચરાચર જાંણુ, જે વિશ્વેશ્વરી મા. ૨૨
જલ મધ્યે જલસાઇ, પહોઢયા જયુગજીવંન મા;
એઠાં અંતરીક્ષ આઈ, ઓલે રાખી તંન મા. ૨૩
વ્યોમ વિમાનની વાટય, ઠાઠ ઠઠો આછો મા;
ઘટઘટ સરખો ઘાટ, કાચ ભસો કાછો મા. ૨૪
અજનંમ જન્મ અવતાર, આકારયે જાંણી મા;
નિરમીત્ય હિત નરનાર, નખ શીખ નારાયણી મા. ૨૫
પંનગ પશુ પંક્ષીહ, પ્રથક પ્રથક પ્રાંણી મા;

જયુગ જયુગમાં જક્ષીહ, રૂપે રૂદ્રાણી મા ૨૬
ચક્ષ ચૈતન મધ્ય ચૈતન, ચંન ચાસન ટીકી મા;
જાણેવા જંન મન, મધ્ય માતા કીકી મા. ૨૭
અનચર તણુચર વાયુ, ચરચારી ચરતા મા;
ઉદર ઉદર વર આયુ, તુ ભવને ભરતા મા. ૨૮
રજો તમો ને સત્વ, ત્રીગુણાત્મી તાતા મા;
ત્રીભોવન તારણ તત્વ, જકતતણી જયાતા મા. ૨૯
જયાંહાં જયંમ ત્યાંહાં ત્યમ રૂપ, તેં ધાર્યાં સઘળે મા;
કેોટી કરેધા ધુપ, કો તુજને ન કળે મા. ૩૦
મેરૂ સીખર માંહાં માય, ધોલાધડ પાસે મા;
બાલી બહુચર આય, આદ્યે વસ્યાં વાસે મા. ૩૧
ન લહે બ્રહ્મા ભેદ, ગુણ ગત્ય તાહરી મા;
વાણી વીખાંણે વેદ, સી મત્ય માહરી મા. ૩૨

વિશ્નુ વિમાંસી મન, ધ્યંન એમ ઉચરયા મા;
અવશ્ય ન તુંથી અંન્ય, બાલી બહુચરયા મા. ૩૩
માણે મન્ય માહેશ્ય, માત મયા કીધે મા;
જાંણે સુરપતી શેષ્ય, સહુ તાહારે લીધે મા. ૩૪
સહસ્ર ફેણાધર શીશ, શક્ત સબળ સાધી મા.
નામ ધરયુ નાગીષ્ય, કીરતી તો વાધી મા. ૩૫
મચ્છ કચ્છ વ્યરાહ, નરસહી વામન થઇ મા;
અવતારયા તાહારાએ, તે તે તું મઇ મા. ૩૬
ફરસરાંમ શ્રીરાંમ, રામ બલી બળ જે મા;
બુધ્ય કલંકી નામ, દસ વીસ ધારી દેહે મા. ૩૭
મધ્ય મથુરાંથી બાલ, ગોકુળ તો પોહોતું મા;
તેં નાંખી મોહ જાળ, બીજુ કોઇ નોહોતું મા. ૩૮
કીષ્ણા કૃષ્ણ અવતાર, કુલી કારણ કીધું મા;

ભક્ત મુક્ત દાતાર, થઇ દરશણ દીધું મા. ૩૯
સકલ વપુશક નાર, નહી પુરૂષ પાખે મા;
એ આશ્ચર્જ સસાર, શ્રુતિ સમૃતિ ભાખે મા. ૪૦
જાણે શોડલ કાય, જયુગત તુ કહે અજયુગત મા;
માત મોહોટે મહીમાય, ન લહે ઇંદ્ર ઉગત્ય મા. ૪૧
મેહેરાંણ મથ મેર, કીધો રવી જે તર મા;
આકરષ્યાં એક તેર, વાસ્યુક ને નેતર મા. ૪૨
સુર સંકટ હરનાર, સેવકને સનમુખ મા;
અવીગતી અગમ અપાર, આંણુંની નીધી સુખ મા. ૪૩
સંનકાદીક મુની સાથ, સેવી વીધ વીધ્યે મા;
આરાધી નવ નાથ, ચોરાસી સીધ્યે મા. ૪૪
આવી અયોધ્યા ઇશ, નાંમી શીશ વળ્યા મા,
દસ મુસ્તક ભુજ વીશ, છેદી સીત મળ્યા મા. ૪૫

નૃપ ભીમકની કુમાર, તમ પુજયે પામી મા;
રૂક્ષમાંણી રમલ મોરારય, મંન માંન્યો સ્વામી મા. ૪૬
રાખ્યા પાંડુ કુમાર, છાંના સ્ત્રી સગે મા;
સંવછર એક બાર, વાંમ્યાં તમ અંગે મા ૪૭
બાંધ્યો તંન પ્રદયુમન, છુટે નહી કોહોથી મા;
સમરી પુરી સત્રખંન, ગયો કાળા ગ્રેથી મા. ૪૮
વેદ પુરાંણ પ્રમાંણ, સાહસ્ત્ર સકળ સાખી મા;
સક્ત સત્ય મંડાણ, સર્વે રહ્યાં રાખી મા. ૪૯
જે જે જાગ્યે જોઈ, તે ત્યાંહાં તું તેવી મા;
સહુ નીભ્રમ વતી ખોઇ, કહી ન શકુ કેવી મા. ૫૦
ભુત ભવીષ્ય વર્તમાંન, ભગવંતી ભવની માં;
આદ્ય મધ્ય અવસાંન્ય, આકાશે અવની મા. ૫૧
નીમર હરણ સસીસુર, તે તાહરે ઘોખો મા;

અમી અગ્ની ભરપુર, થઇ સ્યોખો પોખો મા. ૫૨
ધરતી તું ધ્યન ધ્યંન, ધ્યાંન ધરે નાવે મા;
પાલણ પ્રજા પ્રજન, અણુ ચીત્વે આવે મા. ૫૩
સકલ શ્રેષ્ટ સુખદાઇ, પે દખી ગ્રથ માંહે મા;
સ્નેહ સરસ સરસાઇ, તુવીન્દા નહી કયાં હે મા. ૫૪
ખટરસ ખટરીતુ માસ, દ્વાદસ પ્રતીબંધે મા;
અંધકાર ઉજાસ, અનુક્રંમ અનુસધે મા. ૫૫
સુખ દુઃખ એ સસાર, તાહરા ઉપાયા મા;
તાહારી બુધ બલને બલીહાર, ધણુ ડાહ્યા વાહ્યા મા. ૫૬
ક્ષુધા ત્રીશા નીંદ્રાય, લઘુ જોવા વદ્ધા મા;
શાંતી સુરને ક્ષીમાય, તું સધળી શ્રધા મા. ૫૭
કાંમ ક્રોધ મોહ લોભ, મદ મચ્છર મમતા મા;
ત્રષ્ણા થઇ સ્થીર થોભ, તંન સાંમગ્ર સમતા મા. ૫૮

અર્થ ધર્મ ને કાંમ, મોક્ષ મઇ માયા મા;
વીશ્વ તણો વીસ્યરાંમ. ઉર અંતર છાયા મા. ૫૯
છંદ ઉદ્દારણ અસ્ત, આદ્ય અનાદ્યની મા,
ભાષા ભુર સમસ્ત, વાક વીવાદ્યની મા. ૬૦
હરષ હાસ ઉપહાસ, કાવ્ય કવીત વીતતુ મા;
ભાવ ભેદ નીજ ભાસ, ભ્રાંત ભલે ચીત છું મા. ૬૧
ગીત નૃત્ય વાજીત્ર, તાલ તાંન માન્યે મા;
વાંણી વીવીધ વીચીત્ર, ગુણ અગણીત ગાંનેમા. ૬૨
રતી રસ વીલસ વીલાસ, આસ સકળ જ્યુગની મા;
તંન તન મંન મધ્ય વાસ, માંહાં માઆ મગની મા, ૬૩
જાંણ અજાણ્યાં જકત, બે બાધ્યાં જાણે મા;
જીવ સકલ આસકત, સહુ સરખુ માણે મા. ૬૪
વીધ વીધ ભોગ મરજાદ, જગ દાખ્યું સાખ્યુ મા;

ગ્રત સ્યુણતાં તે શ્વાદ, પદ પોત્યે રાખ્યું મા. ૬૫
જડ થડ શાયખા પત્ર, પુષ્પ ફળે ફળતી મા;
પરમાણુ માત્ર એકત્ર, રસ વાસ વીચરતી મા. ૬૬
નીપટ અટપટી વાત, નામ કહું કોહોનું મા;
સરજીન સાતે ધાત, માત અધીક સોનુ મા. ૬૭
રત્નમણી માણયેક, નગમુગીઆ મુગતા મા;
આભા અધીક અટક, અંન અન્ય સંજુગતા મા. ૬૮
નીલ પીત આરકત, શાંમ શ્વેત સરખી મા;
ઉભે વ્યક્તે વ્યકત, જકત જસી નરખો મા. ૬૯
નગજે અષ્ઠ કુલ આઠ, હેમાચલ આદ્યે મા;
પવંન ગવંન ગતો ઠાટ, ચરચરી તુ માદ્યે મા. ૭૦
કુપ વાવ્ય ને તલાવ, તુ સરીતા સીંધુ મા;
જલ તારણ જલ નાવ, તુ તારણ બંધુ મા. ૭૧

વૃષ વંન ભાર અઢાર, ભુ ઉપર ઉભા મા;
કૃત કર્મ તુ ફીરતાર, કોસ વીધા કુંભા મા. ૭૨
જડ ચઇતંન અભીધાંમ, અક્ષ અંક્ષ ધારી મા;
માનવ મોટે માંમ, એ કરણી તહારી મા, ૭૩
વરણ ચ્યાર નીજ કર્મ, ધર્મ સહીત સ્થાપી મા;
બેને બારે અપર્મ, અનુચર વર આપી મા. ૭૪
વાડવ વનીવાસ, મુખ માતા પોતે મા;
ત્રપતે ત્રપતે આસ, માત જમંન જોતે મા. ૭૫
લક્ષ ચોરાશી જંત, સો તાહારા કીધા મા;
આણ્યો અસુરનો અંત, દંડ ભલા દીધા મા. ૭૬
દુષ્ટ દમ્યા કંઈ વાર, દારૂણ દુ.ખ દેતા
દહેત કર્યા સંહાર, ભાગ જગંન લેતા મા. ૭૭
મુધ્ય કરણ સંસાર, કર તરસુલ લીધું મા;

ભોમ તણે શીર ભાર, હરવા મંન કીધું મા. ૭૮
બહુચર બુધ્ય ઉદાર, ખલ ખોલી ખાવા મા;
સંતકરણ ભવપાર, સાધ્ય કરે સહાવા મા. ૭૯
અધમ ઉધારણ હાર, આસનથી ઉઠી મા;
રાખણ જયુગ વેહેવાર, બધ્ય બાંધી મુઠી મા. ૮૦
આંણી મંન્ય આણુંદ, મા માંડે પગલાં મા;
તેજ પુનમ રવીચંદ્ર, દે નાંહનાં ડગલાં મા. ૮૧
ભર્યાં કદમ બે ચાર, મદમાતી મદ ભર મા;
મનમાં કરી વીચ્યાર, તેડાવ્યો અનુચર મા. ૮૨
કુર કુટ કરી આરોહ, કરૂણા કર ચાલી મા;
નખ પંખી મેલોહ, પગ પ્રથ્વી હાલી મા. ૮૩
ઉડીને આકાશ, થઇ અદભુત આવ્યો મા;
અદક્ષણમાં એક શ્વાસ, અવનીતળ લાવ્યો મા. ૮૪

પાપી કરણુનીપાત, પ્રથ્વી પડ માંહે મા;
ગોઠયું મન ગુજરાત્ય, ભીલાં ભડ માંહે મા. ૬૫
બોલી ભવાંની માય, ભાવ ભર્યાં ભાલે મા;
કીધુ કરી કીરપાય, ચૌઆલે આલે મા. ૬૬
નવ ખંડ ન્હાલી નેટ, નજર વજર પેઠી મા;
ત્રણ ગાંમને ત્રસેટય, ઠેઠ અઠી બેઠી મા. ૬૭
સેવક સારણુ કાજ, સલખંનપુર સ્યેઠ મા;
ઉઠયો એક અવાજ, દેડાંણાં નેડે મા; ૬૮
આવ્યાં અસ્યસ્યુ શ્યર્ણ, અતી આનંદ ભર્યાં મા;
ઉદ્દીત મુદ્દીત રવી કયર્ણ, દશ દીસ્ય જસ પ્રસર્યાં મા. ૬૯
સકલ સ્મૃધી જણુઅનમાત, બેઠાં ચીત સ્થીર થઈ મા;
વસુધા મધ્ય વીક્ષાત, વાત વાસુ બધ ગઇ મા. ૭૦
જાણે જ્યગત બધ જોર, જંન જંનની જોખે મા;

અધીક ઉડાડયા સોર, વાસ કરી ગોખે મા. ૯૧
ચ્યાર ખુંટ ચોખાંણ્ય, ચરચાએ ચાલી મા,
જન જંન પ્રત મુખ વાંણ્ય, બહુચર બહુ લાલી મા. ૯૨
ઉદ્દો ઉદ્દો જેકાર, કીધો નવખંડે મા,
મંગલ વરત્યાં ચ્યાર, ચૌદે બ્રહ્માંડે મા. ૯૩
ગાજ્યા સાગર સાત, દુધે મેહે ઉઠયા મા,
અધર્મ ધર્મ ઉત્પાત, તે કીધા જુઠા મા. ૯૪
હરખ્યા સુરીનર નાગ, મુખ જોઇ માનું મા,
અવીલોકી અનુરાગ, મુની મન સરખાનું મા. ૯૫
નવગ્રહે નમવા પાય, પાચ્ય પડી આવ્યા મા,
ઉપર વારંવાર, મણી મુક્તા લાવ્યા મા. ૯૬
દશ્ય દીશ્યના દીગપાળ, દેખી દુઃખ વામ્યાં મા;
જન્મ મરણ જ જાળ ઝીતી સુખ પાંમ્યાં મા. ૯૭

ગુણ ગાંધ્રવ જશ ગાંન, નૃત્ય કરે રંભા મા,
સુરસુર સુણતે તાંન, ગત થઇ ગયો થભા મા. ૯૮
ગુણનીધ્ય ગરબો એહ, બહુચરમા કેરો મા,
ધારે ધારી દેહ, સફળ ફરે ફેરો મા. ૯૯
પાંમે પદારથ પાંચ, પોતે સાંભળતાં મા,
નાવે હુની આંચ, દાવાદ્દળ બળતાં મા. ૧૦૦
સહસ્ત્ર ન ભેદે અંગ, આદ્યશક્ત રાખે મા,
નીત્ય નીત્ય નવલે રંગ, સમ દંમ ક્રમ પાખે મા. ૧૦૧
જલ જે અનંલ ઘાત, ઉતારે બેડે મા,
ક્ષણ ક્ષણ નીશદીન પ્રાત, સંકટ બધ ફેડે મા. ૧૦૨
ભુત પ્રેત જાંબુત, વતર ડાકેણી મા,
નાવે આડુ અચુક, સમરયુ સાકયણી મા. ૧૦૩
ચરણ કરણ ગતી ભંગ, ખુંગ પુંગ વાલે મા,

ગુંગ સુંગ મુખ અંગ, અબધ બધી ટાલે મા. ૧૦૪
સેહેન વીહોણાં નેણ, નેનહીણાં આપે મા,
પુત્ર વીહોણાં કેહેણ, કઇ મેહેણાં કાપે મા. ૧૦૫
ફુલી કલપતરૂ ઝાડ, જે જાણે તેહને મા,
ભક્ત લડાવ્યાં લાડ, પાડવીના કહેને મા. ૧૦૬
પ્રગટ પુરસ્ય પુરસ્યાઈ, તુ આલે પલમાં મા,
ઢાલાં ઘર ઠકરાઈ, દોહલ હલબલમાં મા. ૧૦૭
નીરધનને ધ્યંન પાત્ર, તુ કરતાં સુ છે મા,
રોગ દોસ્ય દુઃખ માત્ર, તુ હરતાં સુ છે મા. ૧૦૮
હે ગજરથ સુખપાલ, આલ વીના અજરે મા,
બ્યરદે બહુચર લાલ, ન્યાલ કરે નજરે મા. ૧૦૯
ધરમ ધજા ધન ધાન્ય, ન ટલે ધાંમ થકી મા,
મહીપત્ય મુખ દે માંન્ય, માના નાંમ થકી મા. ૧૧૦

નરનારી ધરી નેહ, જે હેતે ગાસ્યે મા,
કુમત્ય કરમ કૃત એહ, થઇ ઉડી જાશે મા. ૧૧૧
ભગવતી ગીત ચરીત્ર, નીત્ય સુણસે કાંને મા,
થઈ કુલ સહીત્ય પવીત્ર, ચઢશે વ્યાંમાને મા. ૧૧૨
તુથી નથી જે વસ્તુ, જેથી તુતર પુમા;
પુરણ પ્રગટ, પહુસ્ત, સીઓપ મા અરપુ મા. ૧૧૩
વારવાર પ્રણામ, જોડી કર કીજે મા;
નીરમલ નીશ્ચલ નામ, જન નીશદીન લીજે મા. ૧૧૪
નમુ નમુ જયુગત માત, સેહેસ્ર નામ તાહરાં મા;
માત તાતને ભ્રાત તું સર્વે મહારે મા. ૧૧૫
સવત દશ્ય સસે સાત, તવ ફાલગુણ સુધ્યે મા;
તીથી ત્રતિયા વિક્ષાત, કતી વાસર બુધે મા. ૧૧૬
રાજનગર નીજ ધામ, પુર નવીન મધ્યે મા;

આધ્ય આદ્ય વીશ્રાંમ, જાણે જગત્ત બધે મા. ૧૧૭
કર દુલ્લવ સુલ્લવ, રહે સહુ છેવાડો મા;
કરજોડી વલ્લવ, કહે ભટ્ટ મેવાડો મા. ૧૧૮

સંપુર્ણ.

શ્રી બહુચરાજી સત્ય છે.

વલ્લવગુરૂએ નમ:

અથ ગરબો શણગારનો.

રાગ સારંગ-તાલ હોસેની.

પરથમ પારવતી પુત્રને પાએ નમુ રે લોલ,
દીન જાંણી વાંણી દીજીએ કહુ સમુ રે લોલ. ૧
સરસ્વતી તુમ ચરણ પ્રતાપથી રે લોલ,
નીધ્ય રીધ્ય સીધ્ય બુધ્ય આપો આપથી રે લોલ. ૨

કરૂ ગ્યાંન ધરૂ ધ્યાંન બહુચરા તણું રે લોલ,
કરો સાર વાર વાર શું કહું ઘણું રે લોલ. ૩
આજ બહુચરાજી માત ગરબે રમે રે લોલ,
સુરીનર મુનીવર સહુને ગમે રે લોલ ૪
માજી રૂપ રાધીકા થકી ઘણું ખરી રે લોલ,
કોટી કાંમ સશી સુરજની છબી હરી રે લોલ. ૫
રેખ રોહણી રનાદે આજ સુદરી રે લોલ,
પલક પલવટે ઉમા રમા પુરદરી રે લોલ. ૬
વેણ્ય વાસુકી સરીખી શીશ રાજતી રે લોલ,
છત્ર ધંટ ગોફણો ને મધ્ય ગાજતી રે લોલ. ૭
ભરી માંગ્ય મુગ્તા એ મહા મુલ્યની રે લોલ,
રાજ્ય રાખડી રૂડી તે રત્ન તુલ્યની રે લોલ. ૮
ફુલી ખીટલી સીથો ભર્યો સમો પડયો રે લોલ,

ચાકય ચંમરીસ્યુ ચોટલો કટચે અડચો રે લોલ. ૯
શ્રવણ સુંદર આકાર સર્વે સીપના રે લોલ,
સોહે સોભીતા શણગાર તે સર્વ નીપના રે લોલ. ૧૦
કાંન્ય વાલીઆં જડયાં જડાવ ઝુમખાં રે લોલ,
જોત્ય મોતીએ પરોવ્યાં ઝુમે લુમખાં રે લોલ. ૧૧
સોના સાંકળી સરસાં સીકાં જડામણી રે લોલ,
કોર તોરણ મોતીની દીવ્ય દાંમણી રે લોલ. ૧૨
તેજ શું કહુ તાટક તલે લોલકે રે લોલ,
કલાં ફુલ જડયાં નંગ તે અમુલ્યકે રે લોલ. ૧૩
અરધચદ્ર શું કપોલ શું કહુ કથી રે લોલ,
ચૌદ ભોવનમાં બહુચરા સમુ નથી રે લોલ. ૧૪
ભાલ લાલ આડય કુમકુંમની રાતડી રે લોલ,
તપે ટીલડી કહી ન જાય વાતડી રે લોલ. ૧૫

ભ્રકુટીને મધ્યસીંદુરે બીંદી કરી રે લોલ,
ચોઢયા ચોખલા કપોલ લોલ શુ ભરી રે લોલ. ૧૬
ભ્રગુટી કમાંન્ય કાંન કોરશુ અડી રે લોલ,
કીર નાસીકા વીધ્યે વીધ્યે કરે ઘડી રે લોલ. ૧૭
આંક્ષ ઓપમા ન આવે કોન પલવટે રે લોલ,
વરણુ વરણુવે જો અન્ય ઓપમા ઘટે રે લોલ. ૧૮
પદ્મ દીપક તારા ને તેજ તે ગળ્યાં રે લોલ,
મીન ખંજંન મૃગ માંન મુકીને પળ્યાં રે લોલ. ૧૯
લાખ લાખ કાંતી તીલકની લીલા જુએ રે લોલ,
ગોરી ગાલમાં ત્રૈલોક મોહ્યા ત્રાજુવે રે લોલ. ૨૦
મોહ રૂપ ધર્યું બહુચર મા બાળીએ રે લોલ,
ગ્રહે ચાર રહ્યા વેસરની વાળીએ રે લોલ. ૨૧
ગુરૂ હેમ લાલ ભોમ ભૃગુ મુક્તામાં રે લોલ,

સની કીકીએ જોતાં જણાએ જુકનમાં રે લોલ. ૨૨
અધુર બીંબ કે પ્રવાલ લાલમાં મલી રે લોલ,
દંત પંકત જુકત દાડમ જેવી કળી રે લોલ. ૨૩
ચલક ચુનીઓ જડાવ ભાવ રેખમાં રે લોલ,
વદન નીરખતાં ન મળે મીન મેખમાં રે લોલ. ૨૪
ચબુક ચ્યારૂ વચે બીંબ બીંદુ મેનનુ રે લોલ,
હાવ ભાવસ્યુ કટાક્ષ નેણુ સેનનું રે લોલ. ૨૫
કંઠ કોકીલા કપોત જ્યોત પોતની રે લોલ,
ભાનુ જ્યુગમ તે પ્રમાંણુ જે ઉદ્યોતની રે લોલ. ૨૬
કોટે ચીણમાલા ચંપકલી ચમકતી રે લોલ,
ધણી ઘુઘરી અરીસે દીસે ધમકતી રે લોલ ૨૭
ગળે ઘરેણાં ઘણાં થયાં વચુમણાં રે લોલ,
કનક કણુસરી તુસી દોરો ને ઝુમણાં રે લોલ, ૨૮

હીરા સાંકલી પાસીને સેર ચ્યારશું રે લોલ,
મુક્તમાલ તે એકાવલના હારશું રે લોલ. ૨૯
એહ મેહેલમાં હીરાના ઝળકારડા રે લોલ,
પારીજાત્યક મંદાર કેરા હારડા રે લોલ. ૩૦
બાહુ જયુગમ દંડ શુંડ સરખા સહી રે લોલ,
હાથ હાથની હથેલીએ મથ્યું મહી રે લોલ. ૩૧
અતી અદભુત અ ગુઠા સગ આંગલી રે લોલ,
એક એક અનુમાંન્ય મોગની ફળી રે લોલ. ૩૨
નખ વીસ રાત દીવસ તારા તપે રે લોલ,
અન્ય ઓપમા અનર્થ અર્થમાં ખપે રે લોલ. ૩૩
બાંહે બાજુબંધ બેરખાં ને ફુમતાં રે લોલ,
બાંધ્યાં બાંદલે બન્યાં રહ્યાં ઝઝુમતાં રે લોલ, ૩૪
પાંચ્ય ચુડલો પ્રમાંણ ચતુર રંગનો રે લોલ,

અતી અરૂણ તરૂણ દંત તેમ તગનો રે લોલ. ૩૫
બહુ કોરમાં જડાવ લાલ લાંકણી રે લોલ,
મધ્ય માંણ્યક હીરાની હાથ કાંકણી રે લોલ. ૩૬
હાથ્ય પુચીઓ જવાલી મોરી કંગણી રે લોલ,
છલા છાપ આરસી જડા સુચગની રે લોલ. ૩૭
ઉરૂ ઓપતુ રસાલ તે વીશાળશું રે લોલ,
કમલ કોસ કુચ અગ્રમાં મરાલશુ રે લોલ. ૩૮
કચુકી કીનેક તાર હારશું બની રે લોલ.
ચુવાચદને ચરચીત શોભે સ્યોસની રે લોલ. ૩૯
લેંઘા લાહનો પેહેર્યો છે રગ જીુજીુએ રે લોલ,
કસબ કોર જોર સાલુ કસુંબે ચુએ રે લોલ. ૪૦
પેટ પોયણી પ્રમાંણ ક્ષણુ લકણી રે લોલ,
સજ્યા મેખલા રસાલ કરી કંકણી રે લોલ. ૪૧

ઉદર ઉપર ત્રવેણી મળી રહી રે લોલ,
પરીસ્વેત બાંહુ દાંહુ ત્રીવેણી રહી રે લોલ. ૪૨
નાભી કોમલ કુવો કર્યો સમારનો રે લોલ,
ભર્યો વાર વાર ટંક ઇંદુસારનો રે લોલ. ૪૩
પુઠય હેઠય ઠેઠય વાંસો તે એકત્ર છે રે લોલ,
અધો મુખ એ અખંડ કેળપત્ર છે રે લોલ. ૪૪
કટી કેહરી હરીને તંભ સદલી રે લોલ,
જયઘા જયુગ્મ અધો મુખ કદલી રે લોલ. ૪૫
ચ્યારૂ ચરેણા ચરીત્ર લખ્યાં ચો દીસ્યાં રે લોલ,
પાગ્ય આંગલાં વળ્યાં ચંપા કલીજસાં રે લોલ. ૪૬
ભરી જાવક કટોરી હેમ નાંનીઓ રે લોલ,
ઇંદુ બીંદુને આકાર એડી પાંહાંનીએ રે લોલ. ૪૭
ઝેર લધર ટોડા ને ઘુઘરી તળે રે લોલ,

પાગ્ય પુચીએ ને વીછુએ સુની ચળે રે લોલ. ૪૮
નેણ્ય કાજળ સારયાં તે કુમકુમ રોળ્ય શું રે લોલ,
મંદહાષ્ય કર્યા મોહો ભરયાં તંબોળ શું રે લોલ. ૪૯
ઠઠી ઠાઠ આઠ આઠ સખી સંગમાં રે લોલ,
બાળી બહુચરા કરે કલોલ રંગમાં રે લોલ. ૫૦
કરે ગાંન તાંન પાંન પાત્ર હાથમાં રે લોલ,
ફરે રમક ઝમક ઠમક સખી સાથમાં રે લોલ. ૫૧
દંત ઘુંઘટ ગ્રહી રમે રસાલીઓ રે લોલ,
એક એકશું લે હાથો હાથ તાલીઓ રે લોલ. ૫૨
કેશ્ય પાસ્ય કસા વાલીઆ અંબોડલા રે લોલ,
ફેર ફુંદડી ફરે ને લે હુંબોડલા રે લોલ. ૫૩
એ અખંડ ખેલ ખેલે બાલી બહુચરી રે લોલ,
ત્રણ દેવ લે ઓવારણાં ફરી ફરી રે લોલ. ૫૪

વીશ્નુ વાંસલી વજાડે શબ્દ નાદશું રે લોલ,
ડાક સાદ્ય મહાદેવ સુરબાદશું રે લોલ. ૫૫
ધરી પાંણ્ય પોથીઓ તે મહા સુંન્યમાં રે લોલ.
બ્રહ્મા વેદ ભણે ચ્યાર મુક્ષ ધુનમાં રે લોલ. ૫૬
પુષ્પ ચંદન વરખે વોમાંને દેવતા રે લોલ,
અઠયાશી રૂષી મુખી સદાએ શેવતા રે લોલ. ૫૭
ગીરી સ્વેત તજી શેવક કાજે ધસી રે લોલ,
કુલી કાલમાં ચોઆલમાં આલે વશી રે લોલ. ૫૮
સુર શુ લહે ભવાંની કેશ ભેદને રે લોલ,
આદ્ય અંત એ અગમ વેદ વેદને રે લોલ. ૫૯
એ અખંડ ગરબો જે ગાએ માનવી રે લોલ,
ચરણ શરણને ઉચ્ચારે સ્નાંન ઝાંનવી લોલ. ૬૦
નવે નીધ્ય રીધ્ય લીજીએ ઓવારણાં રે લોલ,

દેવી વાંઝીઆં બંધાવે દ્વાર પારણાં રે લોલ. ૬૧
મંન મોહ્યું ગોખ ચાચર સોહામણે રે લોલ,
ભટ્ટ વલ્લભ મેવાડો આને વારણે રે લોલ. ૬૨

માતાજીની થાળ.

આરોગો બહુચરાજી મોરી માય,
જયમ જયમ તહારાં સુખીયાં થાય મા. ૧
કનક કળસ ગંગાજળ ભરી,
બહુચરાજી આગળ થાળજ ધરી મા. ૨
મા દ્રાક્ષ ચારોળી બદામો અખોડ,
પીસ્તાં લીમચાંને ફાલસાં બોર. ૩
મા શંઘોડાં સાકર શેલડીને,
ખડબુચાં આંબા કાત્યલી. ૪

મા કેળાં ખાંડ અથ પુરણ કરી,
આરોગો બહુરાજી ચીત ધરી ૫
મા પછે પેંડા જન લાવેરે સાર,
જલેબી લાડુને શેવોનો ભાર. ૬
મા માંડી ને મરકી લઈ આગળ ધરીને,
અનેક સુખડાં બીજા વલી. ૭
મા મગના લાડુને ઘેબર સાર,
પેડા ધારીને ગુદપાક. ૮
મા ખારાં તીખાંને તમતમાં,
આદુ લીંબુને કરપટ ઘણાં. ૯
મા શ્રીફળ આઈજી લીજે રે ભોગ,
અનેક નીકનાં સર્વ સજોગ. ૧૦
મા ખીર ખાંડ અથ પોળીસાર,

આરોગો બહુચરાજી કંસાર. ૧૧
મા લેચી લાવશીને ચુરમાં,
વડાં વેઢમી શ્યાકજ ઘણાં. ૧૨
મા સાળ દાળ અથ પુરણ કરી,
આરોગો બહુચરાજી ચીત ધરી. ૧૩
મા કેસરી કરમોને મા ભરપુર,
જીરારસ માજી જયમીએ ફુર. ૧૪
મા દુધ કઢાં લેઇ આગળ ધર્યાં,
ઘુંટ ભરીને માએ આચમન કર્યા. ૧૫
આરોગાને ઉઠયાં મોરી માય,
જુઠય રહીતે જંન માગી માગી ખાય. ૧૬
મા સીંહાસન ઉપર સુંદરી,
બેઠાં માત સખી પરવરી. ૧૭

બહેક બરાસે બીડી કરી,
આણુંક બહુચર માએ મુખમાં ધરી. ૧૮
એક આઇ આગળ ઢોળે વાઇ,
એક આઈ આગળ નર્તજ થાય. ૧૯
વાજે પંચ શબ્દ નીશાન,
સેર ભુંગળ વાજે પરીમાંણુ. ૨૦
સફળ મનોરથ પુરો મોરી આશ,
બેહુ કરજોડીને કહે તહારો દાસ. ૨૧

આરતી મોટી.

મા જે જે અંબે મા, જે જે બહુચર મા;
જે જયુગ પત્યરાણી મા, જે જયુગ પત્યરાણી.
આરતી અમરાવતી મા (૨) વારતી મનમાં મોહાણી જે. ૧
સ્ફટીક જડીત્ર મણી નંગ કુંભ્ય કરે થાલી (૨)

કેરપુસ ક્રત ઉજવળ (૨) જળ મધ્ય અજુવાલી જેજે. ૨
જલહલ નીરમલ જોત અકળ સકળ વ્યાપી મા (૨)
ત્રીભોવંન તીમર નીરવાણ (૨) તારણ પદ પાપી મા જે જે.
પંચ મુખે ધુતી અદભુત પુષ્પાક્ષત અરચી મા પુષ્પા (૨)
પરીમલ પ્રબલ પરમ રૂચી (૨) સુચી ચંદન ચરચ. જેજે.
ચગ મૃદંગ ઉપગ સુવંક્ષ વેણા વાજે મા. વેણા (૨)
તાલ રસાલ વીશાલ (૨) સુશબ્દ ગગંન ગાજે. જે જે.
ગાંન કરે કીંનર નર નીત્ય ઉરવશી મેના મા નીત્ય (૨)
ગુણ ગાંધીવ સમર્પીત પુનહ સમરસેન્યા. જે જે.
વ્યેમ વીમાંન વીરાજીત સુર સુંદરી સંગે મા સુર (૨)
ઉદા ઉદા જે જે કહેમા (૨) રહી રાંમા રગે. જે જે
સુમન સુમંન કર વરખીત હરકીત હઇઆ હરખેમા. (૨)
અતર અતી આકરખીત (૨) નર અતર નરખે. જે જે.

પનગ પશુપક્ષીહુ પશુપતી પ્રેમે ભર્યા મા. પશુ (૨)
આરતી વદન કારણ (૨) વાયુ વીવીધ ચર્યા. જે જે.
ચતુરાનન પંચાનન ષડઆનન ખાંતે મા ષડયા (૨)
સનમુખ નીરખી તકતકે (૨) ભકત ભલી ભાતે જે જે.
માત મહુત મહુત મહુત ક્રત ક્રત કીધા મા મહુતક્રત (૨)
ભકત અભેપદ નીરખે (૨) ભોગ સભોગ લીધા. જે જે.
તનમન નીરજન રંજન ગંજ્યન પદ પોતે મા ગ. (૨)
ભુતલ ભુપતી ભુર (૨) લીલા કીધા જોતે. જે જે.
લક્ષચોરાશી જત અનંત અલપ મતના મા અનંત (૨)
આરતીસ્વર શ્રવણે સુણી (૨) સ્વર્ગ સુપગત્યના જે જે.
ભાવે કુભાવે સુભાવે સહાત આરતી ગાશે મા સહીત (૨)
નરનારી અવતારીક (૨) શકતસમાં થાશે. જે જે.
ચઉદ ભોવન તંન તુ તન ચઉદ ભોવંન માહે મા યોદ (૨)

વલ્લભ ભટ વરણવે, દત સાહ્યા બાંહે.　　　　　જે જે.

આરતી નાની.

મોતીડે વધાવુ ને મંગલ ગાઉં,
મારી બહુચર માજીને વારણે જાઉ;
આરતી કીજે બહુચર માત રીઝે,
મા તાલ મરદંગ વેણારસ વાજે.
આ શોભા બહુચર માજીને છાજે,
આરતી કીજે બહુચર માત રીઝે;
મા નૃત્ય કરે ને ઉદ્દા ઉદ્દા થાય,
માને ધોલો ભટ્ટ બલીહારણ જાય,
આરતી કીજે બહુચર માત રીઝે.

સ્તુતિ.

આરતી શું લે ઓવારણાં રે મા,
મા વાંઝય બધાવે દેવી પારણાં રે મા;
દીધાં વસાવે બારણાં રે મા,
માજી તેને અવશાંને વ્યાંસાન રે મા.   બાળીમ૦ ૧
જનમ સફળ કર્યો જાઇને રે મા,
જાય તે જુગમાં કમાઇને રે મા;
ભાવ ધરીને ભજો આઇને રે મા,
મા તે નર નાવે ગર્ભવાસ રે.   બાળીબ૦ ૨
કરજોડીને કહું કરગરી રે મા,
સાંભલજો સન્નખનપુરી રે મા;
બાંહ્ય ધરો શીર બહુચરા રે મા,
માજી તારો વલ્લવદાસનો દાસ રે.   બાળીબ૦ ૩

પદ. (૨)

મા જેવો તેવો છું તમારો શ્રી બહુચર બાઇ રે મા જેવો,
શ્રી અંબે આઇ રે મા જેવો તેવો છું તમારો;
મા કાંમી ક્રોધી માયા લોભી જુગનાં હું ધુતારો,
એક નાંમનો આશરો તમારો મા (૨) તેને કહેવાયો સારો.
શ્રી બહુચરઆઇ રે શ્રી અંબે આઈ રે,
વાત કરી મેં સવે ખોટું અવગુણ મનમાં ન આણ્યો,
પેલા ભવની વાત શું જાણું મા (૨) આ ભવ પાર ઉતારો,
શ્રી બહુચર બાઇ રે શ્રી અંબે આઇ રે;
પરદ્રોહી ને પરહત્યારો પર ધનને હરનારો,
પરનારી શુ રંગે રમતો(૨)અવળાં આચરણ આચરતો (૨)
શ્રી બહુચર બાઇ રે શ્રી અંબે આઇ રે,
અવર નરાચું તમને જાચું પાલવ સાહ્યો તમારો;

ભવસાગરમાં બુડી રહ્યોછું (૨) મુને બતાવોને આરો (૨ ;
શ્રી બહુચર બાઇ રે શ્રી અંબે આઈ રે,
અડસઠ તીરથ સર્વે જોયાં માજીનો પરતક્ષ પારો;
અમ રંકને ઓધાર આપો (૨) આવ્યાં વીઘ્નનને વારો (૨)
શ્રી બહુચર બાઇ રે શ્રી અંબે આઇ રે,
અવગુણમાં હું સર્વે ભુલ્યો જીવ પડયો છે ન્યારો,
ભટ્ટ વલ્લવની વીનંતી રે મા(૨)આવ્યાગમનને ટાળો, (૨)
શ્રી બહુચર બાઇ રે શ્રી અંબે આઇ રે,

સ્તુતિ.

મેં ગુલામ મેં ગુલામ મેં ગુલામ તેરા,
ખુબ તેરી ચાકરી અજબ તેરા દેરા;
મે ગુલામ મેં ગુલામ મેં ગુલામ તેરા;
તુ તો મેરી મૈયા લાગે મે તો તેરા ચેરા.

અમદાવાદ પ રમસારોડ ઉપર " નિર્મળ પ્રીન્ટીંગ પ્રેસ "
મા સહસ્રભા [illegible]ગભાઇએ છાપી

નગીનાના [illegible].

શ્રી બહુચરાજી માતાના મંદિરમાં

માણેકચોક અમદાવાદ.

શાન્ત ભક્તિરસ પદમાળાનું પુસ્તક

નીચેને ઠેકાણે મળશે